દેશમાં સામાન્ય કરતા ઓછા વરસાદની આગાહી

નવી દિલ્હી,તા. ૧૬

ભારમાં આ વર્ષે સામાન્ય કરતા ઓછો વરસાદ થવાની આગાહી કરવામાં આવતા ખેડુત સમુદાય જ નહી બલ્કે અન્ય સંબંધિત ઉદ્યોગોમાં પણ ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. અગાહીમાં જણાવવામાં આવ્યું છે કે ભારતને આ વર્ષે મોનસુન સિઝન અને ખાસ કરીને ઉત્તરપશ્ચિમ અને પશ્ચિમ મધ્ય ક્ષેત્રોમાં સામાન્ય કરતા ઓછા વરસાદ માટે તૈયાર રહેવુ પડશે. પ્રાઈવેટ ફોરકાસ્ટર સ્કાઈમેટ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં જુન-સપ્ટેમ્બરમાં ઓછા વરસાદની

શક્યતા ૪૦ ટકા રહેલી છે. જુન સપ્ટેમ્બરના અંદાજમાં કહેવામાં આવ્યું છે કે દુષ્કાળની શક્યતા ૨૫ ટકા રહેલી છે. આવી સ્થિતી ઉભી થવાની સ્થિતીમાં મોંઘવારી રેકોર્ડ આસમાને પહોંચી શકે છે. આ અગાઉ વર્ષ ૨૦૦૯માં દુષ્કાળની સ્થિતી સર્જાઇ હતી. એ વર્ષે ફુડ ઇનફ્લેશન ૨૦ ટકા સુધી પહોંચી ગયો હતો. ફુગાવો આવનાર વર્ષોમાં પણ ઉંચી સપાટીએ રહ્યો હતો. સ્કાઈમેટની આગાહી એવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની આગાહી સાથે યોગ્ય બેસે છે જેમાં જણાવવામાં આવ્યું હતું કે ગરમીમાં અલ નીન્યોના લીધે વરસાદ પર અસર થશે. સ્કાઈમેટ દ્વારા કહેવામાં આવ્યું છે કે ભારતમાં મોનસુન લોન્ગ ટર્મ અલરેજના ૯૪ ટકા સુધી રહી શકે છે. આનો મતલબ એ થયો કે દેશમાં ચાર મહિનાના ગાળા દરમિયાન ૮૯૬ મીમી વરસાદ થશે. સ્કાઈમેટના જણાવ્યા મુજબ ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ મધ્ય ક્ષેત્રોમાં વરસાદ ખુબ ઓછો રહી શકે છે. સ્કાઈમેટે કહ્યું છે કે આના કારણે માઠી અસર થશે. મોનસુનની સ્થિતી ખોરવાયે.લી રહેશે. આગાહીમાં કહેવામાં આવ્યું છે કે સામાન્ય કરતા વધારે વરસાદની શક્યતા એક ટકા છે. જ્યારે વધારે વરસાદની સંભાવના શુન્ય રહેલી છે. આગાહીને લઈને ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે.

આગાહી શું કહે છે.....

- ભારતમાં મોનસુન લોન્ગ ટર્મ અવરેજના ૯૪ ટકા રહી શકે
- ૪ ટકાનો મતલબ દેશમાં વરસાદના ચાર મહિનાના ગાળા દરમિયાન ૮૯૬ મીમી જેટલો વરસાદ થઈ શકે છે
- સ્કાઈમેટની આગાહીથી ખેડુત સમુદાય અને અન્ય સંબંધિત વિભાગોમાં ચિંતાનુ મોજુ ફેલાયુ
- ઉત્તર પશ્ચિમ અને પશ્ચિમ મધ્ય ક્ષેત્રોમાં કુબ ઓછો વરસાદ રહેવ તેવી શક્યતા
- વર્ષ ૨૦૦૯માં દુષ્કાળની સ્થિતી સર્જાઈ હતી.
- સામાન્ય કરતા વધારે વરસાદની શક્યતા એક ટકા રહેલી છે
- દેશના કેટલાક ભાગોમાં લોકોની હાલત કફોડી બની શકે
- જો અલ નીન્યો ઉભરશે તો ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને પશ્ચિમી મધ્યપ્રદેશ અને અન્ય ભાગદોમાં દુષ્કાળની સ્થિતી સરાજીઈ શકે
- જાણકાર લોકોમાં નવી આગાહી અંગે ચર્ચા શરૂ કરાઈ
- પ્રાઈવેટ ફોરકાસ્ટરની આગાહીના કારણે બજારમાં પહેલાથી જ સાવચેતીનુ વલણ

આસામમાં પેસેન્જર ટ્રેન ખડી પડતા ૫૦ યાત્રીને ઈજા થઈ

ગુવાહાટી,તા. ૧૬

મધ્ય આસામમાં મોરીગાવ નજીક અજુરી સ્ટેશન ખાતે ૧૫૬૬૬ બીજી એક્સપ્રેસ ટ્રેનના ૧૦ કોચ પાટા પરથી ખડી પડતા ભારે અફડાતફડી મચી ગઈ હતી. બચાવ અને રાહત કામગારી તરત હાથ ધરવામાં આવી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલોમાં ખસેડવામાં આવ્યા હતા. ટ્રેનના ૧૦ કોચ પાટા પરથી ખડી પડતા ૫૦થી વધારે યાત્રીઓને ઈજા થઈ હતી. જો કે ઘાયલ થયેલા લોકોની સંખ્યાને લઈને જુદા જુદા અહેવાલ આપવામાં આવ્યા હતા. શરૂઆતમાં કહેવામાં આવ્યું હતું કે

૧૨ લોકો ઘાયલ થયા છે. નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલવે દ્વારા માહિતી આપતા જણાવવામાં આવ્યું છે કે ઈજાગ્રસ્તોને તરત સારવાર માટે ખસેડવામાંઆવ્યા છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ડિમાપુર-કામખ્યા ટ્રેનના દસ કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. આ બનાવ વહેલી પરોઢે બે વાગ્યે બન્યો હતો. યાત્રીઓને નાની મોટી ઈજાઓ થઈ હતી. તમામને પ્રાથમિક સારવાર માટે મોરીગાવ સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. બનાવની જાણ થતા વરિષ્ઠ રેલવે અધિકારીઓ બચાવ્ અને રાહત કામગીરી માટે પહોંચી ગયા હતા.

સ્થાનિક લોકો પણ મદદ માટે જોડાયા હતા. બનાવ અંગે માહિતી મેળવવા માટે હેલ્પલાઈન નંબરની શરૂઆત કરવામાં આવી હતી. ડિમાપુર, ગુવાહાટી અને અન્ય જગ્યાએ ફોન કરીને બનાવના સંબંધમાં માહિતી મેળવી શકાય છે. ટ્રેનના કોચ પાટા પરથી ઉતરી જવાના મામલે રેલવે અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ માહિતીં મળી શકી નથી. તાજેતરના સમયમાં આ મોટી ઘટના છે. જો કે સદનસીબે આજે કોઈ ખુવારી થઈ ન હતી. લોકોનો દસ કોચ ખડી પડ્યા હોવા છતાં બચાવ થયો હતો કેટલીક ટ્રેનોને અકસ્માત બાદ રોકવામાં આવી હતી.

વારાણસીમાં ચૂંટણી લડવા નહીં પરંતુ દિલ જીતવા જઈ રહ્યો છું : મોદી

નવી દિલ્હી,તા. ૧૬

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું છે કે, તેઓ લોકશાહી પ્રત્યે બિલકુલ કટિબદ્ધ છે. ગુજરાતમાં ૨૦૦૨માં કોમી રમખાણો દરમિયાન ક્યારેય પણ શાંત રહ્યા ન હતા. મોદીએ એવા મતને ફગાવી દીધો હતો કે, ગુજરાતમાં ૨૦૦૨ના કોમી રમખાણ અંગે તેઓ શાંત રહ્યા છે. એક એક્સલ્યુસિવ ઈન્ટરવ્યૂમાં મોદીએ કહ્યું હતું કે, તેઓ શાંત રહ્યા ન હતા. ૨૦૦૨થી ૨૦૦૭ના ગાળા દરમિયાન તમામ ટોચના પત્રકારોના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. મોદીએ એમ પણ કહ્યું હતું કે, મુસ્લિમ લોકોની નારાજગીને દૂર કરવા માટે તેઓ કટિબદ્ધ છે. મોદીએ આ ઈન્ટરવ્યૂ દરમિયાન મુસ્લિમ વિરોધી પ્રતિષ્ઠા, ગુજરાતના રમખાણ, જય લલિતા સાથેના સંબંધો ઉપર વાત કરી હતી. વારાણસીના મુસ્લિમોમાં મોદીને લઈને દહેશત અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં મોદીએ કહ્યું હતું કે, તેઓ વારાણસીથી કોઈને હરાવવા માટે આવી રહ્યા નથી પરંતુ

લોકોના દિલ જીતવા માટે આવી રહ્યા છે. મુસ્લિમોને પ્રેમ સાથે મળ્યા બાદ તેમની નારાજગી દૂર થશે. મોદીએ દાવો કર્યો હતો કે, સામાન્ય ચૂંટણીમાં કોંગ્રેસ પોતાના ઈતિહાસમાં સૌથી નબળો દેખાવ કરશે. ભાજપ-એનડીએ હજુસુધીનો સર્વશ્રેષ્ઠ દેખાવ કરશે. મોદીએ કહ્યું હતું કે, ગુજરાત રમખાણો અંગે જેટલું કહેવાનું હતુ તે કહી ચુક્યા છે. લોક અદાલતમાં તેઓ નિર્દોષ છુટી ચુક્યા છે. મિડિયા ઉપર તેમની પ્રતિષ્ઠા ખરડવાનો મોદીએ આક્ષેપ કર્યો હતો. જયલલિતા સાથેના તેમના સંબંધો અંગે મોદીએ કહ્યું હતું કે, અમારી વિચારધારા જુદી જુદી છે પરંતુ અંગત રીતે જયલલિતા સાથે ખુબ સારા સંબંધ છે. જયલલિતા સાથેના ગઠબંધનના પ્રશ્ન ઉપર મોદીએ કહ્યું હતું કે, હાલમાં કોઈ રાજકીય પક્ષ અષ્ટપૃષ્ય નથી. મહિલા જાસુસી કેસના મામલે પણ મોદીએ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, કોઈપણ મહિલાની સામે અપરાધ રાષ્ટ્રીય શરમની બાબત છે. રાહુલ ગાંધી ઉપર આ મુદ્દે રાજકીય રમત રમવાનો આક્ષેપ કર્યો હતો. એનડીએ ૨૭૨ના જાદુઈ આંકડાને પાર કરી લેશે. ગુનેગાર રાજકારણીઓ સામે ખટલો ચલાવવા તેમની સરકાર ખાસ અદાલતની રચના કરશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા મોદીએ કહ્યું હતું કે, તેમની સરકાર ખાસ અદાલત રચવા સુપ્રીમ કોર્ટને અપીલ કરશે. હરીફ લોકો સામે દ્વેષભાવથી કોઈ પગલા લેવામાં આવશે નહીં. વ્યવસ્થાને સ્વચ્છ કરવામાં આવશે. મોદીએ એવા આક્ષેપને રદિયો આપ્યો હતો કે, આદર્શ ઉમેદવાર તરીકે તેમને પ્રોજેક્ટ કરવા માટે તેમના ચૂંટણી પ્રચાર દરમિયાન નાણાનો વરસાદ કરવામાં આવ્યો છે. મોદીએ કહ્યું હતું કે, આ પ્રકારના આક્ષેપ આધારવગરના છે. કોંગ્રેસ પાસે હવે ખુબ ઓછા દિવસ રહ્યા છે જેથી તે તપાસ કરે તે જરુરી છે. કોંગ્રેસ દ્વારા કાળા નાણાનો પ્રચારનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે તેવા આક્ષેપ થઈ રહ્યા છે. ચૂંટણી પંચ દરેક મતવિસ્તારમાં ખર્ચની ચકાસણી કરી રહી છે. જો કોંગ્રેસ પાસે કોઈ પુરાવા છે તો ચૂંટણી પંચને આપવા જોઈએ. કોંગ્રેસ દ્વારા ૧૫૦૦૦ કરોડ, ૨૦૦૦૦ કરોડની વાત કરવામાં આવી રહી છે.

નૌકી સેના વડા તરીકે રોબિન ધવનની વરણીની સંભાવના

નવી દિલ્હી,તા. ૧૬

વાઈસ એડમિરલ રોબિન કે ધવન ભારતીય નૌકી સેનાના વડા તરીકેની જવાબદારી સંભાળે તેવી શક્યતા દેખાઈ રહી છે. અહેવાલ મુજબ સંરક્ષણ મંત્રાલય દ્વારા ધવનનુ નામ વડાપ્રધાન મનમોહનસિંહને સુચવવામાં આવેલુ છે. તાજેતમાં નોકા સેનાને આવરી લેતી કેટલીક ઘટનાના અનુસંધાનમાં નૌકા સેનાના વડા તરીકે ડીકે જોશીએ રાજીનામુ આપી દીધા બાદ આ જગ્યા ખાલી થઈ હતી. આ જગ્યા છેલ્લા બે મહિનાથી ખાલી હતી. જોશીના રાજીનામા બાદ નૌકા સેનાના વડા તરીકે વાઈસ એડમિરલ ધવન જવાબદારી સંભાળી

રહ્યા છે. ટોચના હોદ્દા માટે અન્ય બે દાવેદાર પણ છે. જેમાં વેસ્ટર્ન નેવી કમાન્ડર શેખર સિંહા અને ઈસ્ટર્ન કમાન્ડર અનિલ ચોપડાનો સમાવેશ થાય છે. વાઈસ એડમિરલ સિંહા ત્રણેયમાં સૌથી સિનિયર મોસ્ટ છે. પરંતુ તેઓ સ્પર્ધામાંથી બહાર થઈ ચુક્યા છે. કારણ કે છેલ્લા ૧૦ મહિના દરમિયાન તેમના કમાન્ડ હેઠળ બે મોટા સબમરીન અકસ્માત સહિત ૧૪ અકસ્માતો થઈ ચુક્યા છે. સંરક્ષણ મંત્રાલય દ્વારા હવે નિમણૂંક માટે વાઈસ એડમિરલ રોબિન ધવનના નામની ભલામણ કરી છે. વડાપ્રધાનની ઓફિસ હવે ફાઈલમાં તપાસ કરશે. જો વડાપ્રધાન મંજૂરી આપશે તો ૫૯ વર્ષીય ધવન નોકા સેનાના વડા તરીકે ૨૫ મહિના સુધી રહેશે. અત્રે નોંધનીય છે કે સર્વિસમાં ૧૫ મહિના જ બાકી હતા ત્યારે આઈએનએસ સિન્ધુરત્નની ઘટના બાદ ૨૬મી ફેબ્રુઆરીના દિવસે એડમિરલ જોશીએ રાજીનામુ આપ્યું હતું. આ બનાવમાં નોકા સેનાના બે અધિકારીના મોત થયા હતા અને કેટલાક અન્ય અધિકારી ઘાયલ થયા હતા. થોડાક મહિના અગાઉ અન્ય સિન્ધુરક્ષક સબમરીનમાં બનાવ બન્યો હતો. જેમાં ૧૮ના મોત થયા હતા. જોશીના રાજીનામાના કારણે નૌકા સેના હચમચી ઉઠી હતી. સબમરીન દુર્ઘટનાના મામલે ઉંડી તપાસ હજુ ચાલી રહી છે.

પ્રિયંકા ગાંધી દ્વારા ઉત્તરપ્રદેશમાં જોરદાર પ્રચાર

કોંગ્રેસના હાથ મજબૂત કરવા તમામ લોકોને કરેલી અપીલ

રાહી,તા. ૧૬

ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી અને ભાજપ ઉપર તેજાબી પ્રહારો કરતા પ્રિયંકા ગાંધીએ આજે તેમના માતા સોનિયા ગાંધીના મતવિસ્તારમાં ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી અને દાવો કર્યો હતો કે, લોકસભાની ચૂંટણી બે વિચારધારા વચ્ચેની લડાઈ છે. પ્રિયંકા ગાંધીએ સોનિયા ગાંધીના હાથ મજબૂત કરવા તમામ લોકોને અપીલ કરી હતી. પ્રિયંકાએ કહ્યું હતું કે, આ ચૂંટણીમાં રાજકારણના બે જુદા જુદા ચહેરા જોવા મળી રહ્યા છે. એકબાજુ એવી વિચારધારા કોંગ્રેસની છે જે એકતામાં માને છે. કોંગ્રેસ માને છે દરેક વ્યક્તિ એક સાથે આવે તે જરૂરી છે. બીજી બાજુ એક એવી વિચારધારા છે જે કોમવાદ સાથે જોડાયેલી છે. આ લોકો કહે છે કંઈ અને કરે છે કંઈ. આતંરિક વાસ્તવિકતા એ છે કે, કોમવાદને તેઓ આગળ વધારી રહ્યા છે. રાયબરેલી હેઠળ આવતા રાહી

ગામમાં જાહેર સભાને સંબોધતા પ્રિયંકા લોકોને કહ્યું હતું કે, ભાજપને મત આપવાના બદલે દેશને એકતામાં રાખનાર લોકોને મત આપવા જોઈએ. તેમના નામનો ઉલ્લેખ કર્યા વગર મોદીની ઝાટકણી કાઢતા પ્રિયંકાએ કહ્યું હતું કે, બીજી વિચારધારા માને છે કે, ચોક્કસ પસંદગીના લોકો સુધી જ સત્તા મર્યાદિત છે. અગાઉ રાસેતામાં જાહેર સભાને સંબોધતા પ્રિયંકાએ કહ્યું હતું કે, એક એવી પણ વિચારધારા છે જે હેઠળ અમે ઈચ્છીએ છીએ કે દરેકને પુરતી સુવિધા અને સત્તાઓ મળે જ્યારે અમે તમામ યોજનાઓ સામાન્ય લોકોને મજબૂત કરવાના હેતુસર શરૂ કરેલી છે. એક વ્યક્તિના હાથમાં સત્તામાં ન રહે તેમ અમે ઈચ્છીએ છીએ. જુદા જુદા ગામોમાં ડઝનથી વધુ સભાઓ સંબોધી ચુકેલા પ્રિયંકાએ લોકો સમક્ષ સ્પષ્ટતા કરી હતી કે, રાજ્યમાં માર્ગોને વ્યવસ્થિત કરવાની જવાબદારી રાજ્ય સરકારની છે. માર્ગોની ખરાબ હાલતને બિનજરૂરીરીતે મુદ્દો બનાવવામાં આવ્યો છે. ગ્રામીણ માર્ગોના નિર્માણ જેવા મુદ્દાઓ ઉપર પણ તેમણે વાત કરી હતી. કેન્દ્ર સરકાર રસ્તાઓ બનાવે છે પરંતુ રિપેરની જવાબદારી રાજ્યની છે.

નરેન્દ્ર મોદીને તેમની પાર્ટી ટેકો આપશે : રાજનો દાવો

મુંબઈ,તા. ૧૬

પોતાના આક્રમક અંદાજ માટે જાણિતા રહેલા મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ જણાવ્યું છે કે, તેમની પાર્ટી નરેન્દ્ર મોદીને ટેકો આપે છે. ભાજપ પ્રમુખ રાજનાથસિંહની પરોક્ષરીતે ટિકા કરતા રાજે કહ્યું હતું કે, સિંહ કોણ છે તે તેઓ જાણતા નથી. તેઓ માત્ર મોદીને જાણે છે અને મોદી વડાપ્રધાન બનવા જોઈએ તેમ ઈચ્છે છે. રાજે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીને તેમની પાર્ટી ટેકો આપવા માટે ઈચ્છુક છે. રાજ ઠાકરેના આ નિવેદન બાદ

એવી ચર્ચા છે કે, મહારાષ્ટ્ર નવનિર્માણ સેના મોદીને ચૂંટણી બાદ ટેકો આપી શકે છે. બીદ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડી રહેલા ભાજપના વરિષ્ઠ નેતા ગોપીનાથ મુંડેને ટેકો આપવાની જાહેરાત કરતા કહ્યું હતું કે, મુંડે તરફથી છ ફોન કોલ આવી ચુક્યા છે જેથી તેમને ટેકો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે કે, રાજ ઠાકરે એનડીએની નજીક આવવાના પ્રયાસ કરી રહ્યા છે. લોકસભાની ચૂંટણીમાં પ્રચારમાં એમએનએસ પણ વ્યસ્ત છે. જોગેશ્વરીમાં ચૂંટણી રેલીને સંબોધતા રાજ ઠાકરે દ્વારા આકરા પ્રહાર કરવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રમાં આ વખતે શાનદાર દેખાવ કરવા માટે પણ તે આશાવાદી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, લોકસબાની ચૂંટણીના પરિણામોને ધ્યાનમાં લીધા બાદ ભાવિ યોજના તૈયાર કરવામાં આવશે. એમએનએસ ચૂંટણી બાદ જુનિયરની ભૂમિકા અદા કરી શકે છે. મહારાષ્ટ્રમાં ભાજપ પ્લાન બીની તૈયારી પણ કરી છે. આ સ્થિતિમાં ભાજપના પક્ષે મુખ્યમંત્રી પક્ષ જશે અને જુનિયરની ભૂમિકામાં રાજ ઠાકરે રહી શકે છે. જો કે, હાલમાં ભાજપ અને શિવસેના વચ્ચે ખુબ સારા સંબંધ રહ્યા છે. રાજ ઠાકરે મોદીના સમર્થનમાં હંમેશા આગળ આવ્યા છે.

આચારસંહિતા ભંગ બદલ કોર્ટે આદેશ આપ્યો

કોર્ટમાં ઉપસ્થિત થવા માટેનો અરવિંદ કેજરીવાલને આદેશ

ગાંધીધામ,તા. ૧૬

ગુજરાતના કચ્છ જિલ્લામાં એક સ્થાનિક અદાલતે આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને નોટિસ ફટકારી હતી અને ગયા મહિને તેમના પ્રવાસ દરમિયાન આચારસંહિતાના ભંગ બદલ ૧૦ દિવસની અંદર તેની સમક્ષ ઉપસ્થિત થવા કેજરીવાલને આદેશ કર્યો છે. ગાંધીધામના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કેડી પ્રસાદે ગાંધીધામમાં કોર્ટ સમક્ષ ઉપસ્થિત થવા કેજરીવાલને સૂચના આપી છે. ચૂંટણી આચારસંહિતા ભંગનો તેમના ઉપર આક્ષેપ કરાયો છે. તેમના ચાર દિવસના ગુજરાતના પ્રવાસ દરમિયાન તેઓએ ગાંધીધામના રિસભ કોર્નર વિસ્તારમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ કરીને લોકોને સંબોધ્યા હતા. આના માટે કોઈ પ્રાથમિક પરવાનગી પણ માંગવામાં આવી ન હતી. ગાંધીધામ પોલીસે કેજરીવાલ અને તેમની પાર્ટીના વર્કરો સામે એફઆઈઆર દાખલ કરી હતી. અન્ય પાર્ટીના કાર્યકરો સામે પણ એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. ચૂંટણીના સંબંધમાં જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જારી કરવામાં આવેલા જાહેરનામાના ભંગ બદલ એફઆઈઆર દાખલ કરાઈ હતી. કેજરીવાર અને તેમની પાર્ટીના કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે, ગાંધીધામના ચૂંટણી અધિકારીઓ દ્વારા વિડિયોગ્રાફી કરવામાં આવી છે. પોલીસે આદેશને ફગાવવા બદલ આઈપીસીની કલમ ૧૮૮ હેઠળ કેજરીવાલ સામે કેસ દાખલ કર્યો હતો. પોલીસે અગાઉ જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો ભંગ કરવા બદલ એએપીના કાર્યકરો પૈકીના ચારની ધરપકડ કરી હતી. જો કે, ત્યારબાદ તેમને નિયમિત જામીન ઉપર છોડી દેવામાં આવ્યા હતા. ગાંધીધામ બી ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર પીએમ પરમારે આજે વિગત આપતા કહ્યું હતું કે, કેજરીવાલે આચારસંહિતાનો ભંગ કર્યો હતો. કેજરીવાલના ગુજરાત પ્રવાસ દરમિયાન ભારે વિવાદ થયો હતો તે વખતે તેમની સામે ચૂંટણી પંચ સમક્ષ ત્રણ ફરિયાદો થઈ હતી. એએપીના વડા અન્ય બે કેસોનો સામનો પણ કરી રહ્યા છે જેમાં રોડ ટોલની ચુકવણી નહીં કરવાની બાબતનો સમાવેશ થાય છે. ગુજરાત પોલીસે તેમની પાર્ટીના કાફલાને ગાંધીનગર નજીક રોકવામાં પણ આવ્યો હતો. આ ઉપરાંત ટ્રાફિકમાં ખલેલ પહોંચાડવા બદલ કેજરીવાલની ટૂંકાગાળા માટે અટકાયત પણ કરવામાં આવી હતી. કેજરીવાલ પાંચમી અને છઠ્ઠી માર્ચના દિવસે પાટણ અને કચ્છ જિલ્લામાં પહોંચ્યા હતા. મોદીના વિકાસ દાવાઓની ચકાસણી કરવા તેઓ આવ્યા હતા.

સ્મૃતિની રમત... (પાના નં. ૪ નું ચાલુ)

એક વિદ્વાને કહ્યું છે કે જ્ઞાનની પ્રાપ્તિ જ્ઞાનેન્દ્રિયોના માધ્યમથી થાય છે અને ત્યારે જ જ્ઞાન સ્મૃતિમાં આવે છે. એમ માનવામાં આવે છે કે -

- આપણે જે કંઇ સાંભળીએ છીએ તેના ૨૦ % યાદ રહે છે.
- આપણે જે કંઇ જોઇએ છીએ તેના ૩૦ % યાદ રહે છે.
- આપણે જે કંઇ સાંભળીએ છીએ તેની સાથે જ જો તેને જોઇએ પણ છીએ તો એથી ૫૦ % યાદ રહે છે.
- જે તે વાતને કે વિષયને સાંભળીને અને જોઇને જો કોઇ સંભળાવી દઇએ તો એ ૮૦ % યાદ રહે છે.
- જ્યારે આપણે સંભળાવેલા જ્ઞાનની સાથે ક્રિયાને પણ જોડી દઇએ તો એ ૯૦ % યાદ રહે છે.
- ૧૨૦ % જેટલું સ્મરણ કરવાથી ૧૦૦ % યાદ રહે છે.

તેથી મનોવિજ્ઞાનીઓ કહે છે -

Try ot over learn.

સારી સ્મરણશક્તિ માટે એકાગ્રતાનો અભ્યાસ કરવો જરૂરી છે. સંગીત અને કલાના માધ્યમથી એકાગ્રતા વધે છે. સકારાત્મક અભિગમ આ ક્ષમતામાંથી અભિવૃત્તિ કરે છે. ભ્રામરી પ્રાણાયામ, યોગનિદ્રા, પ્રત્યાહાર, ધારણા અને ધ્યાનો અભ્યાસ સ્મરણશક્તિ વધારવામાં ખૂબ સહાય કરે છે.

સ્મરણનું ઉલ્ટું વિસ્મરણ. યાદ રાખેલાં તથ્યોને સ્મૃતિપટ પર ટકાવી ન શકવું. યાદ રાખેલી વાતો યોગ્ય સમયે યાદ ન આવવી એટલે વિસ્મરણ.

મનોવિજ્ઞાનનાં તારણો કહે છે કે -

આપણે -

૧૦ મિનિટ પછી ૪૨ % ભૂલી જઇએ છીએ.

૧ કલાક પછી ૪૬ % ભૂલી જઇએ છીએ.

૬ કલાક પછી ૬૪ % ભૂલી જઇએ છીએ.

૪૮ કલાક પછી ૭૨ % ભૂલી જઇએ છીએ.

૧ સપ્તાહ પછી ૭૫ % ભૂલી જઇએ છીએ.

... અને, માટે જ યાદ રાખવા માટે સતત અભ્યાસ, સ્વાધ્યાય અને પુનરાવર્તન આવશ્યક છે. વિસ્મરણ થવાનાં કારણો કંઇક આવા છે -

(૧) સમયનું વ્યવધાન - અપર્યાપ્તિતા

(૨) ક્રિયાત્મકતા ન હોવી

(૩) ભય, ચિંતા, ક્રોધ અને ગભરાટ જેવાં પરિબળોથી સંવેગાત્મક અસંતુલન સર્જાવું

(૪) વધારે પડતી શારીરિક, માનસિક થાક

(૫) વિષયવસ્તુ રોચક, અર્થપૂર્ણ અને સરળ ન હોય ત્યારે

(૬) શીખવાની રીત કે પદ્ધતિ ખોટી હોવી

(૭) માનસિક આઘાતની સ્થિતિ

સ્મરણશક્તિનાં કેટલાંક અદ્ભૂત અને રસપ્રદ ઉદાહરણો -

(૧) મિશ્રના બાદશાહ નાસરને પોતાના ૨૦,૦૦૦ સેવકોનાં નામ યાદ હતા.

(૨) અમેરિકાના રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટના સેક્રેટરી જે. એસ. ફ્રિકીને અતિ મહત્ત્વનાં લોકોનાં નામ, સરનામાં અને હોદ્દા કંઠસ્થ હતા.

(૩) ડેન્માર્કની એક બેંકના ચોપડા ભયાનક આગમાં સળગી ગયા હતા ત્યારે એના એક કલાર્કને દરેક ખાતેદારોના ખાતાની જમા રકમ યાદ હતી તેથી ભારે અરાજકતામાંથી બેંક બચી ગઇ.

(૪) બ્રિટીશ સંગ્રહાલયના એક વખતના અધ્યક્ષ રિચાર્ડ ગાર્નેટ પોતાની ખુરશી પર બેઠાં બેઠાં પોતાના પુસ્તકાલયનાં લાખો પુસ્તકોનાં નામ, પ્રકાશન તિથિ, પ્રકાશકનું નામ અને વિષયવસ્તુ કહી શકતા હતા.

(૫) રાજા ભોજના દરબારના શ્રુતિધર નામના એક વિદ્વાન ૪૫ મિનિટ સુધી સાંભળેલી વાતને શબ્દશઃ દોહરાવી શકતા હતા.

(૬) તિરૂચીની દીપા સેલ્વારાજ નામની ૧૦ વર્ષની બાલિકાએ તામિલ ભાષાના મહાન કવિ તિરૂવલ્લુવરના મહાકાવ્યનાં ૧૩૩૦ પદ ૧૧ મિનિટ, ૪૭ સેકન્ડમાં સંભળાવીને શ્રોતાઓને મુગ્ધ કરી દીધા હતા.

(૭) કોઇમ્બતોરની ૭ વર્ષની શ્વેતાને મોટા ભાગના દેશોનાં નામ, એમની રાજધાનીઓનાં નામ, ત્યાંનું ચલણ અને ત્યાંના નેતાઓનાં નામ યાદ હતા.

(૮) તાજેતરમાં ૩ વર્ષનાં કૌટિલ્ય અને ૫ વર્ષની મેઘાલીની અદ્ભૂત સ્મરણશક્તિનું દૂરદર્શન પર નિદર્શન થઇ ચૂક્યું છે.

(૯) શ્રીમદ્ રાજચંદ્ર શતાવધાની પુરૂષ હતા. આજે પણ કેટલાક જૈન સાધુઓ સૌ પ્રશ્નોના ક્રમબદ્ધ ઉત્તર એક સાથે આપી શકે છે.

સ્મૃતિ - વિસ્મૃતિનું આવું વિલક્ષણ શાસ્ત્ર બહુ લાંબુ છે... હજી ઘણી વાતો કહેવાની બાકી છે... તે હવે પછીનાં લેખમાં

યાદ રાખીને વાંચજો... નહીંતર, મને ઘણા લોકો એવા મળે છે જે કહેતા હોય છે... "મને તો એટલું જ યાદ છે કે મને કંઇ યાદ રહેતું નથી!"... અને મને શ્રદ્ધા છે કે એ શ્રેણીમાં નહીં આવો.

કર્ણાટકમાં બસમાં આગ : છ યાત્રીઓ બળીને ભડથુ થયા

નવી દિલ્હી,તા. ૧૬

કર્ણાટકમાં આજે સવારે એક બસમાં વિનાશક આગ ફાટી નિકળ્યા બાદ ઓછામાં ઓછા છ લોકો બળીને ભડથુ થઈ ગયા હતા જ્યારે અન્ય ૨૯ લોકો દાજી ગયા હતા. જે પૈકી કેટલાક લોકો ગંભીરરીતે દાજી ગયા હતા. તેમની હાલલ ચિંતાજનક બનેલી છે. પોલીસ અધિકારી શ્રીનિવાસ મુર્થીએ માહિતી આપતા કહ્યું છે કે છના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા.દાજી ગયેલા લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. મુર્થીએ કહ્યું હતું કે બસના ડિઝલ ફ્યુઅલ ટેન્કમાં લીક થઈ જવાના કારણે આ આગ લાગી હતી.

આગ લાગી ત્યારે બસમાં ૨૯થી વદારે યાત્રીઓ હતા. પોલીસે કહ્યું છે કે આ બનાવ બેંગલોરથી ૨૬૦ કિલોમીટરના અંતરે બન્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતમાં માર્ગ અકસ્માતનો આંકડો ખુબ મોટો છે. દેશમાં દર વર્ષે જુદા જુદા કારણોસર થતા માર્ગ અકસ્માતોના લીધે ૧૧૦૦૦૦ લોકોના મોત થઈ જાય છે. પોલીસના જણાવ્યા મુજબ દેશમાં મોટા ભાગના અકસ્માતો બેદરકારીપૂર્વકની ડ્રાઈવિંગ, ખરાબ રસ્તાઓ અને રસ્તાઓની કરાબ જાળવણી તેમજ વાહનોની યોગ્ય જાળવણી નહી થવાના કારણે આ બનાવો બને છે. માર્ગ અકસ્માતોને રોકવા તંત્ર દ્વારા અને દેશમાં ટ્રાફિક દ્વારા નિયમિત રીતે જુદા જુદા કાર્યક્રમ યોજવામાં આવે છે. ડ્રાઈવિંગના સંબંધમાં મહત્વપૂર્ણ માહિતી પણ આપવામાં આવે છે. પરંતુ તેની અસર વધારે જોવા મળતી નથી. દેશમાં રસ્તાઓને વધારે યોગ્ય બનાવવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોની ઓળખ થઈ શકી નથી. કારણ કે દાજી ગયેલાઓ પૈકી કેટલાકની ઓળખ મુશ્કેલ હતી.